આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- નેહલ ઠક્કર

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૨૯-૦૫-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

# મતગણતરી- મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતી

રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે, ચોથી જૂને સવારે આઠ વાગે સમગ્ર રાજ્યમાં 26 મતગણતરી કેન્દ્રો પર મતગણતરી હાથ ધરાશે.

લોકસભાની સામાન્ય ચૂંટણી તથા ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીઓની મતગણતરી સંદર્ભે વિડિયો કૉન્ફરન્સના માધ્યમથી યોજાયેલી સમીક્ષા બેઠકમાં સુશ્રી ભારતીએ આ મુજબ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર મતગણતરી કામગીરી માટે 56 મતગણતરી નિરીક્ષકો, 30 ચૂંટણી અધિકારી અને 180 મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. આ ઉપરાંત અંદાજે 614 વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓને પોસ્ટલ બેલેટ અને ઇલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ માટે જવાબદારી સોંપવામાં આવી છે.

શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, મતગણતરીના દરેક ટેબલ પર એક માઈક્રો-ઑબ્ઝર્વર, એક કાઉન્ટીંગ સુપરવાઈઝર અને એક કાઉન્ટીંગ આસિસ્ટન્ટને ફરજ સોંપવામાં આવી છે. મતગણતરીની સમગ્ર પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવશે.

મતગણતરી મથકો પર માત્ર ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્યતા પ્રાપ્ત અધિકારીઓ, નિરિક્ષકો, ફરજ પરના કર્મચારીઓ-અધિકારીઓ, ઉમેદવારો, તેમના ચૂંટણી એજન્ટો તથા કાઉન્ટિંગ એજન્ટ્સ પ્રવેશ કરી શકશે.

**(RNU અમદાવાદ)**

---

## ગાંધીનગર-હર્ષ સંઘવી બેઠક

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટના TRP ગેમઝોન અગ્નિ દુર્ઘટનાના સંદર્ભે મહત્વની બેઠક યોજીને અત્યાર સુધીમાં લેવાયેલા પગલાં અને કરાયેલી કામગીરીની સમીક્ષા કરી છે. આ બેઠકમાં તેમણે રાજકોટના નવા પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ કર્યો હતો.

રાજકોટની આ દુર્ઘટના બાદ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તમામ શાળાઓમાં અગ્નિસુરક્ષાની તપાસના આદેશ આપ્યા છે. તેમ જ સાધનોની ચકાસણી, જર્જરીત શાળાઓ અને વર્ગખંડમાં વિદ્યાર્થીઓને અભ્યાસ ન કરાવવા, ભયજનક બાંધકામની આસપાસ બેરિકેટીંગ મુકવા સહિતની તકેદારી રાખવાની સૂચના આપી છે.

**(RNU અમદાવાદ)**

---

## હવામાન

રાજ્યમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર  ગુજરાતમાં છેલ્લા 36 કલાકમાં 11 સ્થળોએ મહત્તમ તાપમાન 40 ડિગ્રી કે તેથી વધુ નોંધાયું છે. સૌથી વધુ 45 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટ, અમદાવાદ અને ગાંધીનગરમાં નોંધાયું છે. આ ઉપરાંત ભાવનગર અને ડીસામાં 44 ડિગ્રી, સુરેન્દ્રનગર અને વલ્લભવિદ્યાનગરમાં 43 જયારે ભૂજ, રાજકોટ અને વડોદરામાં 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે.

આગામી દિવસોમાં ગુજરાતમાં હવામાન સુકું રહેવાની આગાહી છે. આગામી પાંચ દિવસ માટે ઉત્તર પૂર્વ અરબી સમુદ્રમાં માછીમારોએ ન જવા સૂચન છે. આ દરમિયાન પવનની ગતિ 45 થી 55 કિલોમીટર પ્રતિકલાકની રહેશે. આગામી પાંચ દિવસ વરસાદની કોઈ સંભાવના નથી.

**(RNU અમદાવાદ)**

---

## નમો લક્ષ્મી યોજના

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા નમો લક્ષ્મી યોજના અંતર્ગત પોર્ટલ લોંચ કરવામાં આવ્યું છે. જેમાં ધો.9થી 12 મા અભ્યાસ કરતી તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળશે. ચાર વર્ષ દરમિયાન 50 હજાર રૂપિયાની શિષ્યવૃત્તિ દીકરી અને માતાના સંયુક્ત ખાતામાં જમા થશે. ધો. 8 મા સરકારી ગ્રાન્ટેડ શાળામાં અથવા તો નોન ગ્રાન્ટેડ ખાનગી શાળામાં આરટીઇ અંતર્ગત પ્રવેશ મેળવ્યો હોય તેમજ સેલ્ફ ફાયનાન્સ શાળામાં અભ્યાસ કરેલો હોય તો 6 લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક મર્યાદા છે. આ યોજના માટે લિવિંગ સર્ટિફિકેટ, જન્મનો પ્રમાણપત્ર, માતા અને દીકરીનું આધારકાર્ડ તેમજ બેન્ક એકાઉન્ટની પાસબૂક , કેન્સલ ચેક, દસ્તાવેજ તરીકે આપવાના રહેશે. જનધન યોજના અંતર્ગત ખોલાવેલ બેન્ક એકાઉન્ટ માન્ય રહેશે અને દીકરીની શાળામાં 80 ટકા હાજરી અનિવાર્ય છે.

**(NP/નેહલ ઠક્કર)**

---

## કચ્છી સર્જક-પારસ ચંદ્રક

પારસ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા 2024થી ગુજરાતી ગદ્ય-પદ્યના શ્રેષ્ઠ સર્જક, શ્રેષ્ઠ  યુવાસર્જક તથા સાહિત્ય સેવા ક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરનારને  પારસ ચંદ્રક એનાયત કરવાનો આરંભ કરાયો છે, જે અંતર્ગત ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ સર્જક તરીકેની શ્રેણીમાં ગુજરાત પ્રસિદ્ધ સાહિત્યકાર કચ્છી સર્જક વીનેશ અંતાણીને આ ચંદ્રક એનાયત કરાયો છે. આ ચંદ્રક મેળવનાર અન્ય સર્જકો પદ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ સર્જક તરીકે જાણીતા કવિ રાજેશ વ્યાસ ,શ્રેષ્ઠ યુવા સર્જક પદ્ય ભાવેશ ભટ્ટ, ગદ્યમાં રામ મોરી તથા શ્રેષ્ઠ સાહિત્ય સેવા માટે મનીષ પાઠકને આ ચંદ્રક એનાયત કરાયો છે. ગઇકાલે અમદાવાદ ખાતે યોજાયેલ એક સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ ચંદ્રક એનાયત કરાયા હતા.

**(NP/નેહલ ઠક્કર)**

---

# માધાપર-માસિક સ્વચ્છતા દિવસ ઉજવણી

માધાપરમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.આર.આર. ફૂલમાલીના અધ્યક્ષસ્થાને માસિક સ્વચ્છતા દિવસની ઉજવણીનો જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો.

કિશોરીઓને માસિક દરમિયાન કઈ બાબતોનું ધ્યાન રાખવું તે બાબતે માહિતી આપવામાં આવી હતી. જિલ્લાના આર. સી. એચ ડૉ. દ્વારા એનિમિયા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

**(માહિતી ખાતુ)**

---------------------------------------------------------------------------